અપીલ અરજી નં.૧૮૬ તા.૨૫–૯–૦૮

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા:(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,શહેર વિકાસ

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ ની અરજીથી પાર્લે પોઈન્ટ પાસે આવેલી સરગમ શોપીંગ સેન્ટરમાં કેટલી દુકાનોની અકારણી બાકી છે અને ગુમાસ્તાધારા લાયસન્સ ધરાવે છે ગેરકાયદેસર પ્લાન વિરુધ્ધ બાંધકામની વિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૬/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૮–૦૮ ની અરજીથી પાર્લે પોઈન્ટ પાસે આવેલી સરગમ શોપીંગ સેન્ટરમાં કેટલી દુકાનોની આકારણી બાકી છે અને ગુમાસ્તાધારા લાયસન્સ ધરાવે છે ગેરકાયદેસર પ્લાન વિરુધ્ધ બાંધકામની વિગત આપવા બાબતે ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૨૦૩ તા. ૮–૯–૦૮ થી આપેલ જવાબ મુદ્દા નં.૩ અને ૪ નો ગેરકાયદેસર પ્લાન વિરુધ્ધ બાંધકામની વિગતનો જવાબ ન આપવાના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૧ તા.૪–૧૦–૦૮ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.વે.ઝોન (અઠવા)/આ.નં.૨૮૫ તા.૧૫–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં પાર્લે પોઈન્ટ પાસે આવેલી સરગમ શોપીંગ સેન્ટરમાં કેટલી દુકાનોની આકારણી બાકી છે અને ગુમાસ્તાધારા લાયસન્સ ધરાવે છે ગેરકાયદેસર પ્લાન વિરુધ્ધ બાંધકામની વિગતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પત્ર નં.સા.વે.ઝોન/આ.નં.૨૦૩ તા.૮–૯–૦૮ થી આપવામાં આવેલ અને મુદ્દા નં.૩ અને ૪ અંગે શહેર વિકાસ અધિકારીને પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૨૦૮ તા.૮–૯–૦૮ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી તબદીલ કરવામાં આવેલ જેની જાણ અરજદારને પણ કરવામાં આવેલ. કાયદા હેઠળ અરજીની તબદીલી કલમ–૬(૩) સાથે નિયમ–૪ (૨) હેઠળ લાગત જાહેર માહિતી અધિકારીને દિન–૫ માં તબદીલ કરવાની રહે છે જે થયેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૩–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૈકી નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,(શહેર વિકાસ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ